ચાહે સંકટને મુજે ઘેરા હો, ચાહે ચારોં ઓર અંધેરા હો, પર મન ના ડગમગ મેરા હો, રહે ધ્યાન તુમારે ચરણોમેં

| નવા કેસ | |
|---|---|
| રાજ્ય | ૧૩૧૧ |
| અમદાવાદ | ૧૬૭ |
| ગાંધીનગર | ૩૧ |

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૧૭૭ | ૬ સપ્ટેમ્બર, ૨૦૨૦, રવિવાર; ભાદરવા વદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# ભારત-ચીનનો વિવાદ ગંભીર : ટ્રમ્પ



### સહાય કરવા અમેરિકા તૈયાર : મોદી સારું કામ કરી રહ્યા હોવાનું યુએસ પ્રમુખે કહ્યું : રાષ્ટ્રપતિની ચૂંટણીમાં ભારતીય મૂળના લોકોનું સંપૂર્ણ સમર્થન મળવાની અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને આશા

વોશિંગ્ટન,તા.૫

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત અને ચીન સીમા વિવાદને અત્યંત ગંભીર અને જોખમી ગણાવીને કહ્યું છે કે, બંને દેશો વચ્ચે સીમા પર સ્થિતિ ખૂબ ખરાબ છે અને ચીન તે વિવાદ વધારી રહ્યો છે. હું આ મુદ્દે બંને દેશોની મદદ કરવા માંગુ છું. આ મુદ્દે ભારત અને ચીન સાથે પણ વાતચીત કરવામાં આવી રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વખાણ કરતાં ટ્રમ્પે કહ્યું હતુંકે, નરેન્દ્ર મોદી મારા ઘણાં સારા મિત્ર છે. તેઓ શાનદાર રીતે કામ કરી રહ્યા છે. રાષ્ટ્રપતિ ચૂંટણીમાં મને ભારતીય મૂળના લોકોનું સંપૂર્ણ સમર્થન મળશે. વ્હાઈટ હાઉસમાં પ્રેસ કોન્ફરન્સ દરમિયાન અમેરિકન રાષ્ટ્રપતિએ કહ્યુંકે, ભારત અને ચીન સીમા વિવાદ જોખમી સ્થિતિમાં પહોંચી ગયો છે. ચીન આ તણાવ વધારી રહ્યો છે. પરંતુ અમે ઈચ્છીએ છીએ કે આ વિવાદનો ઉકેલ આવે. હું તેમાં મદદ કરવા તૈયાર છું. અમે બંને દેશોના સંપર્કમાં છીએ. જો આ વિવાદનો ઉકેલ લાવવા માટે અમે કઈ કરી શકીએ એમ હોઈએ તો અમે હંમેશા તૈયાર છીએ. જ્યારે ટ્રમ્પને એવું પુછવામાં આવ્યું કે, શું ચીન ભારતને ધમકાવે છે? ત્યારે ટ્રમ્પે કહ્યું- એવું ચોક્કસ હોઈ શકે છે. ટ્રમ્પે વડાપ્રધાન મોદી વિશે પૂછવામાં આવેલા એક સવાલમાં

● અનુસંધાન પાના - ૭ પર

## ચીનાઓ અરુણાચલથી પાંચને ઉઠાવી ગયા : કોંગી ધારાસભ્ય

### નીનોંગ એરિંગે મોદીને પણ ટ્વીટર પણ જાણ કરી : થોડાક મહિના પહેલાં પણ ચીનના પિપલ્સ લિબરેશન આર્મીના જવાનો ભારતીય નાગરિકોને ઉપાડી ગયા હતા

નવી દિલ્હી, તા. ૫

ભારત અને ચીન વચ્ચે હાલ ચાલી રહેલા તનાવ વચ્ચે ચીની લશ્કરે અરૂણાચલ પ્રદેશના પાંચ નાગરિકોનું બળજબરીથી અપહરણ કરી લીધું હોવાની ફરિયાદ કોંગ્રેસના ધારાસભ્ય નીનોંગ એરિંગે કરતાં ખળભળાટ મચી ગયો છે. અરૂણાચલ પ્રદેશના ઉપરવાસના સુબનગિરિ જિલ્લાના પાંચ નાગરિકોને ચીનાઓ ઉપાડી ગયા હોવાનો દાવો કોંગ્રેસી ધારાસભ્યે કર્યો હતો. એરિંગે વડા પ્રધાન કાર્યાલયને ફરિયાદ કરતી ટ્વીટ પણ કરી હતી. એરિંગે એવો દાવો કર્યો હતો કે થોડા મહિના પહેલાં પણ આવી ઘટના બની હતી. ચીનના પિપલ્સ લિબરેશન આર્મીના જવાનો કેટલાક ભારતીય નાગરિકોને ઉપાડી ગયા હતા અને તેમના પર અત્યાચાર ગુજાર્યો હતો.

એરિંગે પોતાની ટ્વીટ સાથે બે સ્ક્રીનશોટ પણ રજૂ કર્યા હતા જેમાં ચીની લશ્કર દ્વારા અપહરણ કરાયેલા પાંચ નાગરિકોનાં નામ હતાં. એરિંગે લખ્યું હતું કે ચીનની સામે કડક પગલાં ભરવાં જોઈએ. છેલ્લા બે ત્રણ મહિનાથી ચીન સતત સરહદો પર તનાવ સર્જી રહ્યું હતું. લદ્દાખ



સરહદે પેંગોંગ સરોવર નજીક ચીને ઘુસણખોરી કરવાના પ્રયાસો પણ કર્યા હતા. ભારતીય જવાનો અને ચીની લશ્કરના જવાનો વચ્ચે અથડામણ પણ થઈ હતી. ભારતીય જવાનોએ ચીની જવાનોને હંફાવ્યા હતા અને ભારતીય સરહદમાંથી બહાર કાઢવામાં સફળતા મેળવી હતી.

## ભારતને સૈનિકો પાછા ખેંચવા ચીનનું દબાણ

### બેઠકમાં સરહદ પર તણાવ ઓછો કરવા મામલે ચર્ચા થઈ : લદાખમાં વાસ્તવિક નિયંત્રણ રેખા ઉપર તણાવના માહોલમાં બંને નેતાઓ વચ્ચે બેઠક

નવી દિલ્હી, તા.૫

નવી દિલ્હી : ભારતના રક્ષા મંત્રી રાજનાથસિંહ અને ચીનના રક્ષા મંત્રી વેઈ ફેંગહી વચ્ચે શુક્રવારે મોસ્કોમાં મુલાકાત થઈ હતી. આશરે બે કલાક ૨૦ મિનિટ સુધી ચાલેલી આ બેઠક ખૂબ જ મહત્ત્વની રહી હોવાનું કહેવામાં આવી રહ્યું છે. હકીકતમાં પૂર્વ લદાખમાં વાસ્તવિક નિયંત્રણ રેખા પર તણાવના માહોલમાં બંને નેતાઓ વચ્ચે પ્રથમ ફેસ ટૂ ફેસ બેઠક થઈ હતી. કહેવામાં આવી રહ્યું છે કે છેલ્લા ચાર મહિનાથી એલએસી પર બંને દેશની સેના આમને-સામને છે. એવામાં આ બેઠકમાં તણાવ ઓછો કરવા અંગે ચર્ચા થઈ હતી. બંને નેતા શાંઘાઈ સહયોગ સંગઠન માટે મોસ્કો પહોંચ્યા હતા. આ પહેલા ભારતના વિદેશ સચિવ હર્ષવર્ધન શ્રિંગલાએ કહ્યું હતુ કે સીમા પર હાલત અભૂતપૂર્વ છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે વાતચીત



## કોરોના અપડેટ્સ

| ક્યાં | કેસ | મૃત્યુ | રિકવર |
|---|---|---|---|
| વિશ્વ | ૨૬૮૯૨૩૮૦ | ૮૮૦૫૫૫ | ૧૯૦૦૨૯૭૧ |
| ભારત | ૪૦૯૨૫૫૦ | ૭૦૫૧૯ | ૩૧૬૨૩૦૫ |
| ગુજરાત | ૧૦૩૦૦૬ | ૩૦૯૪ | ૮૩૬૪૬ |
| ગાંધીનગર | ૨૬૧૨ | ૧૪૧ | ૨૧૩૬ |

## ભારત કોરોના કેસમાં વિશ્વમાં બીજા સ્થાને

### ૨૪ કલાકમાં રેકોર્ડબ્રેક ૮૬,૪૩૨ પોઝિટિવ કેસ : કોરોનાના કુલ કેસ ૪૦ લાખને પાર : ૧૦૮૯ના મૃત્યુ સાથે મૃત્યુઆંક ૭૦ હજારની નજીક : રિકવરી રેટ ૭૭.૨૩ ટકા, ૧૩ દિવસમાં વધી ગયા ૧૦ લાખ કેસ

ન્યુ દિલ્હી,તા.૫

ભારતમાં કોરોના વાયરસનું સંક્રમણ જે ગતીથી ફેલાઈ રહ્યું છે તે જોઈને લાગી રહ્યું છે કે કોરોના વાયરસના સૌથી વધારે કેસના મામલામાં આગામી થોડા જ દિવસોમાં બ્રાઝીલને પાછળ છોડીને ભારત વિશ્વનો બીજા નંબરનો સૌથી વધુ સંક્રમિતો ધરાવતો દેશ બની જશે.

સ્વાસ્થ્ય મંત્રાલયના આંકડા પ્રમાણે છેલ્લા ૨૪ કલાક દરમિયાન અત્યાર સુધીના સૌથી વધુ ૮૬૪૩૨ કેસ નોંધાતા સંક્રમિતોનો કુલ આંકડો ૪૦૨૩૧૭૯ સુધી પહોંચી ગયો છે. જોકે, એક સારી બાબત એ પણ છે કે ભારતમાં ધીમે ધીમે કોરોનાની બિમારીમાંથી સ્વસ્થ્ય થનારા લોકોની સંખ્યા પણ વધી રહી છે. ભારતમાં હવે કોરોના વાયરસનો રિકવરી રેટ સુધરીને ૭૭.૨૩ ટકા સુધી પહોંચી ગયો છે. દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૭૦૦૭૨ દર્દીઓ કોરોનાની બિમારીમાંથી સ્વસ્થ્ય થઈ ગયા છે. આ સાથે જ આ આંકડો વધીને ૩૧૦૭૨૨૩ સુધી પહોંચી ગયો છે જે કોરોનાના એકટીવ કેસ કરતા ત્રણ ગણા કરતા પણ વધારે છે. જ્યારે છેલ્લા ૨૪ કલાકમાં ૧૦૮૯ લોકોએ કોરોનાના કારણે પોતાનો જીવ ગુમાવ્યો છે. આ સાથે જ કોરોના વાયરસના કારણે

● અનુસંધાન પાના - ૭ પર

## છેલ્લે... છેલ્લે...

- આઈપીએલનો વિગતવાર કાર્યક્રમ રવિવારે જાહેર થશે.
- ગુજરાત ભાજપના પ્રમુખ સી.આર. પાટીલનો ૯મી, ૧૦મીનો સૌરાષ્ટ્ર પ્રવાસ મોકુફ રખાયો.
- વલસાડમાં મોડીરાત્રે ભૂકંપના બે આંચકા અનુભવાયા.
- રાજ્યમાં એસટીની ગ્રામીણ બસ સેવા ૭મીથી શરૂ કરાશે.
- અમદાવાદ કલેક્ટર પી. કે. નિરાલા ગૃહ વિભાગમાં અધિક સચિવ તરીકે નિમાયા.
- રશિયાથી પરત ફરતી વખતે રક્ષા મંત્રી રાજનાથ સિંહ અચાનક ઈરાન પહોંચ્યા

## કોર્ટ દ્વારા શોવિક-મિરાંડાનાં ૯મી સુધીના રિમાન્ડ મંજૂર

### એનસીબીએ શોવિક ચક્રવર્તી અને સુશાંત સિંહ રાજપૂતનાં મેનેજર સેમ્યુઅલ મિરાંડાની ધરપકડ કરી લીધી છે

મુંબઈ,તા.૫

નારકોટિક્સ કંટ્રોલ બ્યૂરોની ટીમે શુક્રવારે સવારે ૬.૩૦ વાગ્યે એક સાથે રિયા ચક્રવર્તી અને સૈમ્યુઅલ મિરાન્ડાનાં ઘરે રેઈડ પાડી હતી. જે દરમિયાન રિયાનાં ઘરનાં ફર્નિચર, કબાટ અને મોબાઈલ ફોન તેમજ ગેજેટ્સની તપાસ કરી હતી. આ સાથે જ રિયા અને



શૌવિકની ગાડીની પણ તપાસ થઈ હતી. આશરે ૩.૩૦ કલાક ચાલેલી કાર્યવાહી બાદ એનસીબીની ટીમે શૌવિક અને મિરાંડાને તેમની સાથે પૂછપરછમાં લઈ ગયા હતાં. કહેવાય છે કે આ પૂછપરછમાં બંનેએ ઘણાં ખુલાસા કર્યા છે. મીડિયા રિપોર્ટ્સ મુજબ, એનસીબીની સામે શૌવિકે સ્વીકારી લીધુ છે કે, તે રિયા માટે ડ્રગ્સ લાવતો હતો. તો બીજી તરફ આ મામલે પકડાઈ ગયેલાં એક ડ્રગ પેડલર બસિતે પણ પહેલાં આ વાત કરી હતી. તેણે કહ્યું હતું કે, તે શૌવિકનાં ઘરે આવતો જતો હતો અને તેનાં માટે ડ્રગ્સ લાવતો હતો. શૌવિક અને

● અનુસંધાન પાના - ૭ પર

## કોઈ વ્યક્તિને ટેસ્ટિંગની જરૂર લાગે તો જ કરાશે : ICMR

### કોરોના ટેસ્ટિંગના નિયમમાં મોટો બદલાવ : કેન્ટેનમેન્ટ ઝોનમાં રહેતા તમામ લોકોનો રેપિડ એન્ટિજન ટેસ્ટ કરાવવો જોઇએ

નવી દિલ્હી,તા.૫

કોરોના વાયરસના સંક્રમણ પર કાબૂ મેળવવા માટે ભારતે પોતાની ટેસ્ટિંગ રણનીતિ બદલી છે. અત્યાર સુધી દેશમાં જિલ્લા આરોગ્ય અધિકારી, કોઈ ડૉક્ટર અથવા જે તે વિસ્તારના તંત્ર તરફથી રેન્ડમ તપાસ દરમિયાન જ કોવિડ ૧૯નો ટેસ્ટ થઈ શકતો હતો પરંતુ હવે કોઈ પણ વ્યક્તિ તેની કોવિડ ૧૯ની તપાસ કરાવી શકે છે. આઈસીએમઆર તરફથી શુક્રવારે કોવિડ-ટેસ્ટિંગ મામલે નવી એડ્વાઈઝરી બહાર પાડવામાં આવી છે. જેમાં ટેસ્ટિંગ ઑન ડિમાન્ડ (કોઈ વ્યક્તિને જરૂરી લાગે તો ટેસ્ટિંગ કરાવી શકે)ની છૂટ આપવામાં આવી છે. જોકે, સાથે સાથે આઈસીએમઆર તરફથી એવું પણ કહેવામાં આવ્યું છે કે જે તે રાજય પોતાની વિવેકબુદ્ધિ પ્રમાણે આ છૂટમાં ફેરફાર કરી શકે છે. આઈસીએમઆરની એડ્વાઈઝરીમાં કહેવામાં આવ્યું છે કે, જે લોકો બીજા દેશની મુસાફરી કરી રહ્યા હોય કે પછી એક રાજયમાંથી બીજા રાજયમાં મુસાફરી કરતા હોય તેમના કોવિડ-૧૯ ટેસ્ટ એન્ટ્રી પોઈન્ટ પર જ નેગેટિવ હોય તો જરૂરી છે. આ ઉપરાંત એવી પણ ભલામણ કરવામાં આવી છે કે કેન્ટેનમેન્ટ ઝોનમાં રહેતા તમામ લોકોનો

● અનુસંધાન પાના - ૭ પર

## ઓરિસ્સાથી ગુજરાત આવી રહેલ બસને અકસ્માત : ૭ મજૂરોના મોત

રાયપુર,તા.૫

છત્તીસગઢના રાયપુર જિલ્લામાં એક મોટા સમાચાર સામે આવ્યાં છે. જેમાં મજૂરોને લઈને ઓરિસ્સાથી ગુજરાત જઇ રહેલી બસને ભયાનક અકસ્માત નડ્યો હતો જેમાં ૭ના મોત નિપજ્યા છે.

ઓરિસ્સાથી ગુજરાત આવી રહેલી બસને નડેલા આ ભયાનક માર્ગ અકસ્માતમાં ૭ કામદારોનાં મોત નીપજ્યાં છે. જ્યારે ૫૦ થી વધુ મજૂરો ઘાયલ થયા છે.

આ ગોઝારી ઘટનાને પગલે આસપાસના વિસ્તારમાં સનસનાટી ફેલાઈ ગઈ હતી. માહિતી મળતાં પોલીસ પણ ઘટના સ્થળે પહોંચી હતી. બીજી બાજુ તમામ ઈજાગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

મળતી માહિતી મુજબ, અકસ્માત બાદ તમામ કામદારોને તાત્કાલિક રાયપુરની સરકારી મેકાહારા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

નાસથી નાશે વાયરસ

કોઈપણ વાયરસ નાક અને ગળા દ્વારા જ શરીરમાં પ્રવેશે છે,
સંરક્ષણ માટે નાસ ઉત્તમ ઉપાય છે...

શ્રદ્ધા આયુર્વેદિક નાસ
૨૧ પ્રાકૃતિક પદાર્થોનું પાવરફુલ મિશ્રણ

નાકના નેસોફેરિન્ક્સ; જ્યાં વાયરસ રહે છે.
નાસમાં રહેલા દ્રવ્યોને ઊંડા શ્વાસ દ્વારા
નેસોફેરિન્ક્સમાં લઈ જાઓ અને સુરક્ષા મેળવો...

માત્રા : ૧૦૦ ગ્રામ ઉકળતા પાણીમાં ૪ ગ્રામ મિશ્રણ

પ્રાપ્તિસ્થાન :
૩૨૮/૩૨૯, C/o શ્રધ્ધાદીપ બ્લડબેન્ક,
આઈસીઆઈસીઆઇ બેન્કની પાછળ, ઘ-૪ સર્કલ નજીક,
સેક્ટર-૧૬, ગાંધીનગર.




Shraddha Ayurvedic NASS